ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા
# કચ્છ યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ,
મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦૦૦૧
Email:- info@kskvkachchhuniversity.org

ફોન (૦૨૮૩૨) ૨૩૫૦૦૨
ફેક્સ (૦૨૮૩૨) ૨૩૫૦૧૨
web : kskvkachchhuniversity.org

રેફ./ક.યુ./BUTR/૨૦૧૭/૧૨૫૪

તા.૨૩/૦૧/૨૦૧૭

પ્રતિ,
તમામ BUTR સભ્યશ્રી,
કે. એસ. કે. વી. કચ્છ યુનિવર્સિટી,
ભુજ – કચ્છ.

**વિષય:– તા. ૧૯/૦૧/૨૦૧૭ના રોજ યોજાયેલ BUTRની બેઠકની મિનીટ્સ નોંધ મોકલવા બાબત.**

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, માનનિય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા. ૧૯/૦૧/૨૦૧૭ના રોજ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ Board of University Teaching & Research ની બેઠક ની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલાવી આપવામાં આવે છે, જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ...

આપનો વિશ્વાસુ

ઈ/ચા કુલસચિવ

**બિડાણ:** ૧. તા. ૧૯/૦૧/૨૦૧૭ના રોજ યોજાયેલ BUTRની બેઠકની મિનીટ્સ નોંધ.
૨. તા. ૨૦/૧૦/૨૦૧૬ના રોજ યોજાયેલ BUTRની બેઠકની સુધારેલ મિનીટ્સ નોંધ.
૩. તૈયાર કરવામાં આવેલ સૂચિત ઓર્ડિનાન્સ – ૧૫૮ની સુધારેલ નકલ.

**નકલ સવિનય રવાના:** માન. કુલપતિશ્રીના કાર્યાલય તરફ.
કુલસચિવશ્રીના કાર્યાલય તરફ.

૫૧

# તા. ૧૯મી જાન્યુઆરી, ૨૦૧૭ને ગુરૂવારના રોજ બપોરે ૪.૦૦ કલાકે કોન્ફરન્સ હોલ, યુનિવર્સિટી કાર્યાલય ખાતે યોજાયેલ બી.યુ.ટી.આર.ના સભ્યશ્રીઓની મિનિટસ નોંધ

આજ રોજ તા. ૧૯મી જાન્યુઆરી, ૨૦૧૭ને ગુરૂવારના રોજ બપોરે ૪.૦૦ કલાકે કોન્ફરન્સ હોલ, યુનિવર્સિટી કાર્યાલય ખાતે માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને બી.યુ.ટી.આર.ની સભા યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતાં. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓના આવકાર સાથે આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હોદો | હાજર / ગેરહાજર |
|---|---|---|---|
| ૧ | ડો. સી. બી. જાડેજા<br>માન. કુલપતિશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨ | ડો. ડી. એમ. બકરાણીયા<br>કાર્યકારી કુલસચિવશ્રી તથા ડીનશ્રી (શિક્ષણશાસ્ત્ર વિદ્યાશાખા),<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સેક્રેટરીશ્રી | હાજર |
| ૩ | ડો. કે. એમ. ત્રિવેદી<br>ડીનશ્રી, આર્ટસ વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ૪ | ડો. પી. એસ. હિરાણી<br>ડીનશ્રી, વાણિજ્ય વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ૫ | ડો. એમ. જી. ઠક્કર<br>ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ૬ | ડો. ગુરૂદાસ ખિલનાની<br>પ્રતિનિધિશ્રી, મેડીકલ ફેકલ્ટી,<br>ગુજરાત અદાણી ઇન્સ્ટિટયુટ ઓફ મેડીકલ સાયન્સ, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ૭ | ડો. ડી. સી. ધોળકીયા<br>અધ્યક્ષાશ્રી, ગુજરાતી વિભાગ,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ૮ | ડો. પી. એન. દવે<br>અધ્યક્ષશ્રી, કેમેસ્ટ્રી વિભાગ,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |

| | | | |
|---|---|---|---|
| ૯ | ડો. બી. એમ. જેઠવા<br>આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ૧૦ | ડો. જી. એ. બક્ષી<br>એસોસિએટ પ્રોફેસર, કેમેસ્ટ્રી વિભાગ,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ૧૧ | ડો. એલ. વી. ફફલ<br>ઇ.ચા. આચાર્યશ્રી,<br>એસ. ડી.. શેઠીયા કોલેજ ઓફ એજ્યુકેશન, મુન્દ્રા–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ૧૨ | ડો. અનિલ ગોર<br>આર. આર. લાલન કોલેજ, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ૧૩ | ડો. પંકજ ઠાકર<br>આસિસ્ટન્ટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ૧૪ | ડો. મૃગેશ ત્રિવેદી<br>આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થ એન્ડ એન્વાયર્મેન્ટ સાયન્સ વિભાગ,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |

## –મુદાઓ –

**એજન્ડા–૧:** ગત મિનિટસનું વાંચન અને બહાલી.

**ઠરાવ નં.૧.** ગત તા. ૨૦મી ઓકટોબર, ૨૦૧૬ની સભાની મિનિટસ નોંધ તા. ૨૪/૧૧/૨૦૧૬ના રોજ પત્ર ક્રમાંકઃરેફ./ક.યુ./BUTR/૨૦૧૬/૧૧૨૧ દ્વારા તમામ સભ્યશ્રીઓને મોકલવામાં આવેલ અને તે અંગે સભ્યશ્રીઓ મારફતે મેળવેલ મંતવ્યો અને સૂચનોને ધ્યાને લઇ જરૂરી સુધારાઓ તથા ફેરફાર કરી તા. ૨૪/૧૧/૨૦૧૬ના રોજ મોકલવામાં આવેલ તા. ૨૦/૧૦/૨૦૧૬ના રોજની મિનિટસ નોંધ રદ ગણી તેના સ્થાને આ સાથે સામેલ **તા.૨૦/૧૦/૨૦૧૬ની સુધારેલ મિનિટસ નોંધ** ધ્યાને લેવા અને તે મુજબ અનુસરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**એજન્ડા–૨:** અનુસ્નાતક શિક્ષક માન્યતા અંગેના નિયમો બાબત.

**ઠરાવ નં.૨.** અનુસ્નાતક શિક્ષક માન્યતા અંગે નીચે મુજબની લાયકાતો ધ્યાને લેવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં પૂર્ણ લાયકાત ધરાવતા, પૂર્ણ સમયના યુનિવર્સિટી માન્ય એવા અધ્યાપકો કે જેમણે વ્યાખ્યાતારૂપે એક વર્ષ પૂર્ણ કરેલ હોય અને Ph.D. અથવા NET અથવા SLETની લાયકાત ધરાવતા હોય,

અથવા

૨. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં પૂર્ણ લાયકાત ધરાવતા, પૂર્ણ સમયના યુનિવર્સિટી માન્ય એવા અધ્યાપકો કે જેમણે વ્યાખ્યાતારૂપે બે વર્ષ પૂર્ણ કરેલ હોય અને M.Phil.ની લાયકાત ધરાવતા હોય,

અથવા

૩. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં પૂર્ણ લાયકાત ધરાવતા, પૂર્ણ સમયના યુનિવર્સિટી માન્ય એવા અધ્યાપકો કે જેમણે વ્યાખ્યાતારૂપે ત્રણ વર્ષ પૂર્ણ કરેલ હોય.

**એજન્ડા–૩:** પીએચ.ડી./એમ.ફીલ. અંગેના નિયમો બાબત.

ગત તા. ૨૦મી ઓકટોબર, ૨૦૧૬ની સભાના ઠરાવ નં. ૧ના અનુસંધાને સૌ સભ્યશ્રીઓને યુ.જી.સી.ના ૨૦૧૬ના નિયમોની નકલ તથા તૈયાર કરવામાં આવેલ સૂચિત ઓર્ડિનાન્સ – ૧૫૮ની નકલ મોકલવામાં આવેલ અને તે અંગે સભ્યશ્રીઓ મારફતે મંતવ્યો મંગાવવામાં આવેલ. જે અન્વયે સભ્યશ્રીઓ તરફથી મળેલ સૂચનો/મંતવ્યો અંગે ચર્ચા અને વિચારણાને અંતે નીચે મુજબના સુધારાઓ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ નં.૩.** સૂચિત ઓર્ડિનાન્સ – ૧૫૮.૪(૨)માં સુધારો કરીને એમ.ફીલ.ની લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓએ પીએચ.ડી. પ્રોગ્રામમાં પ્રવેશ માટે પ્રવેશ પરીક્ષા ફરજિયાત આપવાની થાય તેવું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ નં.૪.** સૂચિત ઓર્ડિનાન્સ – ૧૫૮.૫(૩)માં સુધારો કરીને પીએચ.ડી. પ્રોગ્રામની છ વર્ષની મુદત પૂર્ણ થયા બાદ વધારાની મુદત ફક્ત એક જ વખત અને મહતમ એક વર્ષ માટે બી.યુ.ટી.આર.ની સભામાં યોગ્ય કારણ રજૂ કરીને મંજૂર કરી શકાશે તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ નં.૫.** સૂચિત ઓર્ડિનાન્સ – ૧૫૮.૬(૫.૧)માં પીએચ.ડી. પ્રવેશ પરીક્ષામાં રિસર્ચ મેથેડોલોજીના પ્રશ્નો વ્યાખ્યાયિત સિલેબસ (Defined Syllabus)માંથી લેવા તે બાબત ઉમેરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ નં.૬.** સૂચિત ઓર્ડિનાન્સ – ૧૫૮.૯(૨.IV)માં સુધારો કરીને RACમાં બાહ્ય વિષય નિષ્ણાંત તરીકે ફક્ત પ્રોફેસર જ નહી પરંતુ એસોસિએટ પ્રોફેસરની નિમણૂંક પણ કરી શકાય તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ નં.૭.** સૂચિત ઓર્ડિનાન્સ – ૧૫૮.૧૦(૫)માં સુધારો કરીને No Plagiarism અંગેનું સર્ટીફિકેટ માર્ગદર્શકશ્રી દ્વારા રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ સમિતિ મારફતે આપવાનું થાય તેવું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ નં.૮.** સૂચિત ઓર્ડિનાન્સ – ૧૫૮.૧૦(૭)માં સુધારો કરીને સંશોધનાર્થીના થીસીસ તપાસનાર બે બાહ્ય પરીક્ષકમાંથી એક પરીક્ષક ફરજિયાત રાજ્ય/રાષ્ટ્ર બહારના હોવા જોઇએ (One examiner **must** be from outside the country/state) તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ નં.૯.** સૂચિત ઓર્ડિનાન્સ – ૧૫૮.૧૨(૨)માં સુધારો કરીને ઓર્ડિનાન્સમાં દર્શાવેલ બધી શરતોને આધિન રહીને પાર્ટટાઇમ પીએચ.ડી. માટે R.A.C.ની મંજૂરી લેવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**એજન્ડા–૪:** CAS અંતર્ગત શિક્ષકના પ્રમોશન અંગેના નિયમો બાબત.

Link : http://ugc.ac.in/pdfnews/3375714_API-4th-Amentment-Regulations-2016.pdf

**ઠરાવ નં.૧૦.** CAS અંતર્ગત શિક્ષકના પ્રમોશન અંગે UGCના વખતો–વખતના નિયમો ધ્યાને લેવાનું અને સૂચવેલ વેબસાઇટના નામ મુજબ સુધારો ધ્યાને લેવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**એજન્ડા–૫:** અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ મુદાઓ.

**૧.** કચ્છ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચલાવવામાં આવતા કેરિયર ઓરીએન્ટેડ પ્રોગ્રામ અંતર્ગત સર્ટીફિકેટ અને ડિપ્લોમા કોર્ષ અંગે.

**ઠરાવ નં.૧૧.** કચ્છ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચલાવવામાં આવતા કેરિયર ઓરીએન્ટેડ પ્રોગ્રામ અંતર્ગત સર્ટીફિકેટ અને ડિપ્લોમા કોર્ષ અંગે નીચે મુજબના પાંચ સભ્યોની સમિતિની રચના કરવાનું અને તે સમિતિ દ્વારા આગામી એકેડમિક કાઉન્સીલ પહેલા સવિસ્તર અહેવાલ રજૂ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧. ડૉ. વિજય વ્યાસ – અધ્યક્ષશ્રી
૨. ડૉ. કાશ્મીરા મહેતા – સભ્યશ્રી
૩. ડૉ. સુશીલ ધર્માણી – સભ્યશ્રી
૪. ડૉ. મૃગેશ ત્રિવેદી – સભ્યશ્રી
૫. શ્રી દેવજી છાંગા – સભ્યશ્રી

Krantiguru Shyamji Krishna Verma Kachchh University BHUJ - Kachchh 370001

કુલસચિવ(ઇ/ચા.)